ક્રમાંક : ગુજકા/વેટ/૨૦/૨૦૦૮-૦૯/જા. ૭૧/૬૪

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૧૨/૦૩/૨૦૦૯

# જાહેર પરિપત્ર

વિષયઃ જે કેસમાં વસુલાતની કાર્યવાહી સ્થગિત કરવામાં આવેલ હોય તેવા કેસમાં વેપારીઓને બેન્ક ગેરન્ટી સામે રીફંડ ચૂકવવા બાબત

સંદર્ભઃ
૧) પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૨૦૦૬-૦૭/જા.૨૩ તા.૧૨.૧૦.૦૬
૨) જાહેર પરિપત્ર ક્રમાંકઃવાવેક/ગુજકા/પ્રો.રીફંડ/૨૦૦૭-૦૮/જા.૨૮/૨૪ તા.૧૭.૨.૦૭
૩) જાહેર પરિપત્ર ક્રમાંકઃગુજકા/વેટ/૨૦/પ્રો.રીફંડ/૨૦૦૮-૦૯/ જા.૫૫/૫૦ તા.૧૭.૨.૦૮
૪) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૨૦૦૮-૦૯/જા.૬૩/૫૭ તા.૨૦.૧૧.૦૮
૫) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૨૦૦૮-૦૯/જા.૪૧૬ તા.૨૫.૧૧.૦૮
૬) પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ/૨૦૦૮-૦૯/જા.૬૬/૬૦ તા.૨૪.૧૨.૦૮

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ની કલમ-૩૭ માં કામચલાઉ રીફંડ તથા કલમ-૪૦ માં ખાસ કિસ્સામાં જાહેરનામાં દ્વારા રીફંડ આપવાની જોગવાઇ છે. પરંતુ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની જોગવાઇ મુજબ અગાઉના વેચાણવેરાની બાકી રકમ સામે સરભર કરી ત્યારબાદ રીફંડની રકમ બાકી રહેતી હોય તો ચૂકવવાની જોગવાઇ છે. પરંતુ જે કિસ્સાઓમાં ઇંધણ એ વપરાશી માલ ન ગણતાં વધારાનું માંગણું ઉપસ્થિત થવા પામેલ છે. તેવા કેસોમાં નામદાર સુપ્રિમકોર્ટના મેસર્સ અમી પીગમેન્ટના ચુકાદાને લીધે વસુલાત ન કરવા સૂચનાઓ છે. વસુલાતની કાર્યવાહી સ્થગિત થવાના કારણે આવા કિસ્સાઓમાં રીફંડ ચૂકવવા માટે વેપારી તરફથી માંગણી હોવા છતાં રીફંડ આપી શકાતું નથી. તેથી વેપારીઓએ બેન્ક ગેરન્ટી સામે આવું રીફંડ ચૂકવવા માંગણી કરેલ છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતાં નિર્ણય લેવામાં આવે છે કે ઉપર જણાવેલ વેપારીઓ દ્વારા બેન્ક ગેરન્ટી રજુ કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં બેન્ક ગેરન્ટી જેટલી રકમનું રીફંડ તરીકે ચૂકવણું કરી શકાશે. આવી બેન્ક ગેરન્ટી...

(૧) કોઇપણ રાષ્ટ્રીયકૃત બેન્કની ઓછામાં ઓછા એક વર્ષના સમય માટે રીફંડની રકમ જેટલી રકમની બેન્ક ગેરન્ટી મેળવવાની રહેશે.

(૨) આવી બેન્ક ગેરન્ટી મેળવ્યા બાદ જે તે અધિકારીએ તેઓની કસ્ટડીમાં રાખવાની રહેશે અને બેન્ક ગેરન્ટીની મુદ્દત પૂરી થતાં પહેલાં રીન્યુ (તાજી) કરવાની કે લેણી થયા તારીખે રોકડમાં રૂપાંતર (એનકેશ) કરી વેટ એકાઉન્ટમાં વેરો જમા લેવાની જે તે અધિકારીની અંગત જવાબદારી રહેશે.

ઉકત વંચાણમાં લીધેલ પરિપત્રોની અન્ય શરતો યથાવત રહેશે.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
( પી.કે.પૂજારી )
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ